ગાંધીનગર સમાચાર

જિલ્લામાં હવે પશુ તસ્કરો પણ સક્રિય થયા

# સે-૨૮ જી આઇ ડી સી વિસ્તારમાં ગટરલાઇનમાં પ્લાસ્ટીક સોલીડ વેસ્ટ

**તંત્ર તોબા પોકારી ગયુ : જી આઇ ડી સી વિસ્તારમાં ગટરોમાં સોલીડ વેસ્ટનો નિકાલ થતા ગટર લાઇનમાં કચરાના ઢગ : ગટર લાઇનની ચેમ્બરોની સફાઇ કરાઇ : હવે આંતરિક જોડાણ કાપવા સુધીના પગલા લેવાશે**





ગાંધીનગર તા ૪

સે-૨૮ જી આઇ ડી સી વિસ્તારમાં તંત્રના અધિકારીઓએ આજે ગટર લાઇનમાં વારંવાર ઉદભવતી ચોક અપની સમસ્યાને અનુલક્ષી અભ્યાસ હાથ ધર્યો હતો. આ દરમિયાન ગટર લાઇનની ચેમ્બરોની સફાઇ કરવામાં આવી હતી. જેના અંતે ગટર લાઇનમાંથી પ્લાસ્ટીકનો સોલીડ વેસ્ટ નિકળતા અધિકારીઓએ સ્થાનિક વેપારીઓનો ઉધડો લીધો હતો. સ્થાનિકોની લાપરવાહીના લીધે જી આઇ ડી સી વિસ્તારમાં ગટર લાઇનની સમસ્યા વધુ ગંભીર બની હોવાનુ સ્પષ્ટ થતા હવે આ પ્રકારની હરકત બદલ લાઇનના આંતરિક જોડાણ કાપવા સુધીના કડક પગલા લેવાશે તેવી ચેતવણી પણ તંત્રના અધિકારીઓએ આપી છે.

શહેરના સે-૨૮ જી આઇ ડી સી વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી ગટરો ઉભરાવાની સમસ્યા શિરદર્દ સમાન બની છે. જયારે જી આઇ ડી સી વિસ્તારમાં વારંવાર ઉભરાતી ગટરોની જટીલ સમસ્યાને હલ કરવા માટે તંત્ર દ્વારા આ વિસ્તારમાંથી ગ માર્ગને જોડતની નવી ગટર લાઇનનુ કામ પણ શરૂ કરી દેવાયુ છે. પરંતુ ઉભરાતી ગટરોના દુષિત પાણીને ડામવા માટે લોક જાગૃતિ કેળવાય તે પણ અનિવાર્ય હોવાનુ સ્પષ્ટ થયુ છે. આજે તંત્ર કક્ષાએથી આ વિસ્તારમાં ગટરલાઇનની સમસ્યાને ડામવા માટે ખાસ રાઉન્ડ લેવાયો હતો. આ દરમિયાન પાટનગર યોજના વિભાગમાં ડિવિઝન -૯ ના નાયબ કાર્યપાલક ઇજનેર કલ્પેશ શાહ, સ્થાનિક કોર્પોરેટર, જી આઇ ડી સીના અગ્રણીઓ સહીતની ટીમે ગટરોની સમસ્યાથી ઘેરાયેલા આ વિસ્તારની મુલાકાત લીધી હતી. જયારે સ્થળ તપાસ દરમિયાન ગટર લાઇનની ચેમ્બરોની સફાઇ પણ કરવામાં આવી હતી. આ દરમિયાન ગટર લાઇનમાંથી પ્લાસ્ટીક વેસ્ટ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ૧૫ ગામના ૧૧૯ સ્થળોની મહિલા સરપંચો મુલાકાત લેશે

**મહિલા સરપંચો મધુરડેરી, વૃધ્ધાશ્રમ, અડાલજની વાવ, મહુડી, કોબાના જૈન મંદિર અને રાંધેજામાં રૂર્બન પ્રોજેક્ટ પણ નિહાળશે**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના ૧૫ ઓડીએફ જાહેર થયેલા ગામોની ૮ રાજ્યોના મહિલા સરપંચો મુલાકાત લેશે. આ માટે જે ૧૫ ગામ પસંદ કરવામાં આવ્યા છે તેમાં ગાંધીનગરના ૬, દહેગામના ૩, માણસાના ૪ અને કલોલના બે ગામોનો સમાવેશ થાય છે.

આ મહિલા સરપંચો ૧૫ ગામના ૧૧૯ જેટલા સ્થળોની મુલાકાત લેશે. તેઓ વૃદ્ધાશ્રમ, ત્રિમંદિર, મહુડી મંદિર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અડાલજની વાવ, નર્મદા કેનાલ પરનું સાયફન, પંચાયત તાલિમ કેન્દ્ર, જૈન દેરાસરની પણ મુલાકાત લેશે. રૂર્બન પ્રોજેક્ટની પણ વિસ્તૃત વિગતો સાથે રાંધેજા પણ બતાવવામાં આવનાર છે. મળતી વિગતો પ્રમાણે સાતમીએ આ સરપંચો મહાત્મા મંદિર નજીક બનાવાવમાં આવેલ દાંડી કુટિરની પણ મુલાકાત લેનાર છે. આ સરપંચોના આતિથ્ય માટે મધુર ડેરીએ પણ તત્પરતાઓ દર્શાવી છે. તેઓ ડેરીની પણ મુલાકાત લેશે તેમ મનાઈ રહ્યું છે.

જે ગામોની પસંદગી કરવામાં આવી છે તેમાં ગાંધીનગરના સાદરા, ઈસનપુર મોટા, દંતાલી, અડાલજ, રાંધેજા, શીવપુરા કમ્પા, લિમ્બડિયા, રખિયાલ, હાથીજણ, મહુડી, અમરાપુર(ખ), મોતીપુરા(વેડા), ઈશ્વરપુરા, પ્રતાપપુરા અને જાસપુરનો સમાવેશ થાય છે.

આ મહિલા સરપંચોના પ્રવાસ માટે ૨૨ જેટલી બસો પણ ગાંધીનગર ડેપો દ્વારા ફાળવવામાં આવી છે.

આ મહિલા સરપંચો માટે અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે ખાસ સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યુ છે. આ મહિલા સરપંચોના નિવાસની વ્યવસ્થા કરવામાં આવી છે ત્યાં આરોગ્ય તંત્રની પણ ખાસ ટીમો તૈનાત રાખવામાં આવનાર છે.

મળતી વિગતો પ્રમાણે ગ્રામ્ય કક્ષાએ શિક્ષકોને પણ આ ટીમોની વિઝીટ માટે ખાસ સેવાઓ સોંપવામાં આવી છે. જિલ્લાનું વહીવટીતંત્ર ૮મી સુધી આ અંગેના આયોજન માટે ખડે પગે રાખવામાં આવ્યુ છે.





કલાકારોનો મીની કુંભ - સંસ્કૃતિ કુંજ ખાતે વસંતોત્સવ રંગ જમાવે છે... રોજેરોજ અવનવા નૃત્યની રમઝટ જામે છે... દેશના અનેક પ્રાંતોમાંથી પરંપરાગત નૃત્યોની અભિવ્યક્તિ માટે સેંકડો કલાકારો ગાંધીનગર પધાર્યા છે... ગાંધીનગર રોજેરોજ ઉત્સવ માણે છે...

# જિલ્લામાં હવે પશુ તસ્કરો પણ સક્રિય થયા

**ગિયોડમાંથી બે ભેંસોની ચોરીની ઘટના સામે આવી**

**પશુઓની તસ્કરીથી જિલ્લાના પશુપાલકોમાં ભય**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં વાહનચોરી, ઘરફોડચોરી પછી હવે પશુ તસ્કરો પણ સક્રિય થતાં પોલીસ તંત્ર માટે પડકારની સ્થિતિ ઉભી થવા પામી છે. ગઈ રાત્રે ગાંધીનગર તાલુકાના ગિયોડ ગામેથી બે ભેંસોની ચોરી થવા પામી છે અને આ અંગે ચિલોડા આઉટપોસ્ટમાં ગુન્હો દાખલ કરી તપાસ હાથ ધરવામાં આવી છે.

રૂ. ૧ લાખ ૧૦ હજારની કિંમતની આ બે ભેંસોની ચોરી થતાં પશુપાલકોમાં ફફડાટની લાગણી પ્રસરી જવા પામી છે. ગિયોડના નાથુભાઈ રામાભાઈ ચૌધરીની ભેંસો ચોરાવા પામી છે.

છાલા-ગિયોડ રોડ પર થયેલ આ ચોરીનો ભેદ ઉકેલવાના પ્રયાસો પોલીસ તંત્ર દ્વારા આરંભી દેવામાં આવ્યા છે. પશુ તસ્કરોની ચોરી માટે બે પ્રકારની ગેંગો હોવાની શંકાઓ સેવાઈ રહી છે. જેમાં એક ગેંગ ડાલુ લઈ અને પશુઓની તસ્કરી કરે છે તો બીજી ગેંગ સ્કોર્પીયો જેવા વાહનમાં આવી પશુઓની તસ્કરી કરતુ હોવાની ચર્ચાઓ છે.

ગાંધીનગર જિલ્લામાં પશુપાલકોની સંખ્યા પણ મોટી છે. પશુ તસ્કરીના પગલાંને આજે કેટલાક પશુપાલકોએ પંચાયત

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા વહીવટી તંત્રમાં ૮ નાયબ મામલતદારોની આંતરિક બદલી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લા કલેક્ટર દ્વારા ૮ જેટલા નયાબ મામલતદારોની બદલીના હુકમો કરવામાં આવ્યા છે. ગાંધીનગરના નાયબ મામલતદાર સી.વી. ઝાલા દાહોદ જિલ્લામાંથી પરત આવતાં તેમને નિમણુંક આપવા ઉપરાંત ગાંધીનગર મામલતદાર ઓફિસ અને કલેક્ટર કચેરી તેમજ દહેગામ મામલતદાર ઓફિસમાં કેટલાકની બદલીના હુકમો કરવામાં આવ્યા છે.

ગ્રામ પંચાયત ચૂંટણીના નાયબ મામલતદાર પુષ્પરાજ બોલીક્ષત્રિયની બદલી નાયબ મામલતદાર (જ.ફા.) તરીકે, વી.એમ. શિહોરીની બદલી ગાંધીનગર મામલતદાર કચેરીમાંથી કરીને પ્રાંત કચેરી ગાંધીનગર ખાતે નાયબ મામલતદાર (સમાજ સુરક્ષા) તરીકે કરવામાં આવી છે.

પંચાયત ચૂંટણીના નાયબ મામલતદાર તરીકે દહેગામ ખાતે ફરજો બજાવતા એન.એ. રાવની બદલી મધ્યાહન ભોજન યોજના (ના.મા.) દહેગામ તરીકે કરવામાં આવી છે. સી.પી. ઝાલા દાહોદની પ્રતિનિયુક્તી પરથી પરત આવતાં ના.મા. (વહીવટ-૨) કલેક્ટર કચેરીમાં નિમણુંક આપવામાં આવી છે.

જ.ફા.માં નાયબ મામલતદાર તરીકે ફરજો બજાવતા એમ.ડી. પટેલને સર્કલ ઓફિસર જ.ફા. બનાવવામાં આવ્યા છે. ડી.એસ. વાઘેલાને પ્રાંત કચેરીથી ખસેડી જ.ફા.માં મુકવામાં આવ્યા છે.

વિરમભાઈ દેસાઈ ના. મામલતદાર (કૃષિપંચ) દહેગામની બદલી કરી સર્કલ ઓફિસર ગાંધીનગર મામલતદાર કચેરી ખાતે મુકવામાં આવ્યા છે. આ ઉપરાંત સર્કલ ઓફિસર મામલદાર કચેરી ગાંધીનગર ખાતે ફરજો બજાવતા બી.પી. પંડ્યાને બદલીને આ જ કચેરીમાં વસુલાતના નાયબ મામલતદાર તરીકે નિમણુંક આપવામાં આવી છે.

# જિલ્લાના ૫૨૮૬૨ વિદ્યાર્થીઓ ધો.૧૦-૧૨ની પરીક્ષા આપશે

**૧૫૫ પરીક્ષા સ્થળો અને ૧૮૫૨ બ્લોકમાં બેઠક વ્યવસ્થા જિલ્લાના ૩૧ બ્લોકમાં સી.સી.ટી.વી. કેમેરા નથી : પરીક્ષા સમિતિની બેઠકમાં પરીક્ષાલક્ષી આયોજન અંગે નિર્ણયો લેવાયા : પરીક્ષાને અનુલક્ષી કન્ટ્રોલ રૂમ શરૂ**

ગાંધીનગર તા ૪

આગામી તા ૧૫ માર્ચથી શરૂ થનારી ધોરણ -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષામાં જિલ્લામાંથી ૫૨૮૬૨ વિદ્યાર્થીઓ હાજરી આપશે. જિલ્લામાં ૧૫૫ પરીક્ષા સ્થળો પર ૧૮૫૨ બ્લોકમાં પરીક્ષાની બેઠક વ્યવસ્થા ગોઠવાશે. બોર્ડ પરીક્ષાને અનુલક્ષી ૧૪૫ પરીક્ષા સ્થળો પર સી સી ટી વી કેમેરાની વોચ રાખવામાં આવશે. જયારે પરીક્ષાને અનુલક્ષી જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા કન્ટ્રોલ રૂમ પણ શરૂ કરી દેવાયો છે. જયારે સોમવારથી હેલ્પલાઈન પણ શરૂ કરી દેવાશે. આજે મળેલી પરીક્ષા સમિતિની બેઠક દરમિયાન પરીક્ષાને સંબંધિત તૈયારીને આખરી કરી મહત્વના નિર્ણયો લેવાયા હતા.

ધોરણ -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાને અનુલક્ષી જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા જરૂરી તમામ પુર્વતૈયારીઓ કરી દેવાઇ છે. બોર્ડ પરીક્ષામાં જિલ્લામાંથી ૫૨૮૬૨ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસશે. જયારે પરીક્ષાર્થીઓની બેઠક વ્યવસ્થાને અનુલક્ષીને પણ જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા જરૂરી આયોજન કરી દેવાયુ છે. ધોરણ -૧૦ માં જિલ્લામાંથી ૩૧૪૯૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જયારે આ માટે ૮૫ પરીક્ષા સ્થળ નિયત કરાયા છે. ૧૦૫૭ બ્લોકમાં પરીક્ષાની કાર્યવાહી હાથ ધરાશે. જયારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૫૧૯૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

● અનુસંધાન પાન-૭ પર

# ગુડા ગ્રામ વિકાસ યોજના અન્વયે ૨૮ લાખના કામોનું ખાતમુહૂર્ત



ગાંધીનગર, તા. ૪

ગુડા દ્વારા સ્થાપના દિવસને ધ્યાને લઈ વિકાસ પખવાડીયાની ઉજવણી કરવામાં આવી રહી છે. આ અન્વયે આજે ગુડા ગ્રામ વિકાસ સહયોગ યોજના અંતર્ગત રૂ. ૨૮ લાખના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળની કચેરી દ્વારા "ગુડા ગ્રામ વિકાસ સહયોગ યોજના" અંતર્ગત વિવિધ ગામોમાં મંજુર કરાયેલ વિકાસના કામોમાં ખાતમુહૂર્ત કરવામાં આવેલ. જેમાં શાહપુર ગામના ભાગોળથી ગ્રામપંચાયત સુધીનો જોડતો રસ્તાનું રૂા.૧૦ લાખના ખર્ચે આર.સી.સી. રોડનું તથા રતનપુર ગ્રામપંચાયત સુધી જતાં રસ્તાનું રૂા.૮ લાખના ખર્ચે આર.સી.સી. રોડનું અને ચિલોડા

● અનુસંધાન પાન-૭ પર

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

બેસણું



સખેદ જણાવવાનું કે અમારા પૂજ્ય માતૃશ્રી સ્વ. લહેરીબેન ગોરાજી વણઝારા તા.૨૮-૦૨-૨૦૧૭ ને મંગળવારના રોજ દેવલોક થયા છે. સદ્‌ગતનું બેસણું તા.૦૬-૦૩-૨૦૧૭ ને સોમવારના રોજ સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ કલાકે રાખેલ છે.
બેસણું સ્થળ : વણઝારા વાસ, બસ સ્ટેન્ડ સામે, હિંમતનગર, જી.સાબરકાંઠા.
લક્ષ્મણજી ગોરાજી વણઝારા લિ. મોતીજી ગોરાજી વણઝારા
મગનજી ગોરાજી વણઝારા
તથા સમસ્ત પરિવાર

જગ્યા ભાડે આપવાની છે
ઈન્ફોસીટી સુપર મોલ-૧
ગ્રાઉન્ડ ફ્લોર, જી-૫,
સબ-વેની બાજુમાં
આશરે ૨૩૩ ચો. ફુટ
ફોન : ૯૮૨૪૨ ૩૭૦૦૮

Amrit Tara
We Make You Better
(Exclusive for Women)
● વ્હાઈટનીંગ ફેશિયલ
● પેડી ક્યોર - મેની ક્યોર
● વેક્સીંગ (હેન્ડ્સ - લેગ્સ)
1499
Bridal Packages ઉપલબ્ધ ● વાર્ષિક મેમ્બરશીપ કાર્ડ ઉપલબ્ધ
Plot No. 498/1, Sec-7/B, Gandhinagar
Mo. 99243 82458 • 9377238358

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com